ગુજરાતમિત્ર

## ગતિવિધિ

### અષાઢ સુદ ચોથને સંકષ્ટ ચતુર્થી નિમિત્તે રાવપુરા રિધ્ધિ સિધ્ધિ વિનાયક મંદિરે ભક્તોની ભીડ



વડોદરા : વિઘ્નહર્તા એ સૌના જીવનમાં સર્વે પ્રકારના વિઘ્નો,આધિ વ્યાધિ અને ઉપાધિ દૂર કરી કાર્ય સફળતા અપાવે છે એટલે જ કોઈપણ શુભ કાર્યની શરુઆત ભગવાન શ્રી ગણેશજીના પૂજન બાદ કરવામાં આવે છે ત્યારે આજે અષાઢ સુદ ચોથ એટલે સંકષ્ટ ચતુર્થી જેને સંકટ ચોથ છે.શહેરના રાવપુરા વિસ્તારમાં આવેલા ભાઉકાળેની ગલીમાં આવેલા પૌરાણિક રિદ્ધિ સિધ્ધિ વિનાયક મંદિર ખાતે વહેલી સવારે મંગળા આરતી કરવામાં આવી હતી સાથે જ અહીં ભક્તોએ મોટી સંખ્યામાં દર્શન પૂજન કર્યા હતા. રાત્રે 10:,04મીનીટે ચંદ્રદર્શન થશે.ભક્તોએ ઉપવાસ રાખી આજે ભગવાન ગણેશજીને દુર્વા,ફૂલો અર્પણ કરી દર્શન પૂજન કર્યા હતા.

### વાઘોડિયા રોડ પર 70 પ્લસ ઉંમરના વડીલોને આયુષ્યમાન કાર્ડ કઢાવી આપવાનો કેમ્પ યોજાયો



વડોદરા : શ્રી રામેશ્વર મહાદેવ મંદિર સમિતિ ધ્વારા પ્રભુનગર, વાઘોડિયા રોડ સ્થિત પ્રાંગણમાં રેશનકાર્ડ E-KYC અને 70 પ્લસ ઉંમરના વડીલોને તેઓનું વયવંદના આયુષ્યમાન કાર્ડ કઢાવી આપવાનો કેમ્પ યોજાયો હતો જેમાં સુનિલભાઈ, પ્રણવભાઈ, રમેશભાઈ અને ભાજપના વોર્ડ પાંચના તમામ હોદ્દેદારો, મ્યુનિસિપલ કોર્પોરેટરો અને પોસ્ટલ વિભાગના વડાઓએ 189 ઉપરાંત જરૂરિયાત લોકોને મદદ આપી હતી....

### કાલોલના વેજલપુરની સર્વોદય વિકાસ ટ્રસ્ટ સંચાલિત જે.સી એજ્યુકેશનમાં C.C.C કોમ્પ્યુટરની પરીક્ષા લેવાઇ



કાલોલ : કાલોલ તાલુકાના વેજલપુર ખાતે સર્વોદય વિકાસ ટ્રસ્ટ સંચાલિત જે .સી .એજ્યુકેશન માં કોમ્પ્યુટર ની પરીક્ષા લેવામાં આવી જે વિદ્યાર્થીઓએ ત્રીપલ સી C.C.C. કોર્ષ પૂર્ણ કરેલ છે તેમની પરીક્ષા સર્વોદય લઘુમતી હાઈસ્કૂલ વેજલપુર માં લેવામાં આવી હતીઆ પરીક્ષા સર્વોદય વિકાસ ટ્રસ્ટના તમામ કાર્યકરો તેમજ કોમ્પ્યુટર ટીચર તરીકે અભ્યાસ કરાવતા સોહેલ જમાલ તેમજ B.com | M.com ડિગ્રી મેળવેલ એવા .બીપીન કુમાર પરમાર તેમજ અજયભાઈ વાણંદ સર્વોદય વિકાસ ટ્રસ્ટ ના પ્રમુખ સિદ્દીકભાઈ ટપ ની હાજરીમાં પરીક્ષા લેવામાં આવી પરીક્ષા પૂર્ણ થયા પછી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા માટે સર્વોદય વિકાસ ટ્રસ્ટ તરફથી આઈસ્ક્રીમનું વિતરણ કરવામાં આવ્યું હતુ.

### પરપ્રાંતિય અજાણી મહિલાને સુરક્ષિત આશ્રય આપાવતી અભયમ ટીમ પાદરા

વડોદરા : વડોદરા જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાંથી એક જાગૃત નાગરિક દ્વારા 181 હેલ્પ લાઈનમાં ફોન કરીને જણાવેલ કે, એક બહેન મળી આવેલ છે મદદની જરૂર છે જેમાં 181 ની ટીમ તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી બેનનું કાઉન્સિલિંગ કરતાં તેમણે જણાવ્યુ હતુ કે, તે બેન ઓડીસા રાજ્યની છે છેલ્લા દસ દિવસથી અહીં ગુજરાતમાં મજૂરી કામ કરવા માટે તેમના કાકાના છોકરા જોડે અહીં આવ્યા હતા. દિવસ દરમિયાન મજૂરી કર્યા બાદ તે ભાઈ આ બહેનને છોડીને ઓડીસા રાજ્યમાં જતા રહ્યા તેથી છેલ્લા દસ દિવસથી બેન ચાલતા ચાલતા વડોદરા જિલ્લાના ભાયલી ગામમાં આવ્યા હતા જેથી અભયમ પાદરા ટીમે બહેનને સુરક્ષા અને આશ્રયની જરૂર હોવાથી 181 ની ટીમ દ્વારા ટૂંકા અને લાંબાગાળાનો આશ્રય મળી રહે તે માટે તેમને સખી વન સ્ટોપ સેન્ટરમાં સુરક્ષિત આશ્રય આપવા માં આવ્યો હતો.

અત્યાર સુધીમાં 20 કેસોમાં 12 બાળદર્દીઓના મોત, અન્ય 7ને રજા અપાઇ

# શંકાસ્પદ એક્યૂટ એનકેફેલાઈટિસના લક્ષણો ધરાવતું એક બાળદર્દી PICUમા સારવાર હેઠળ

અન્ય 4 ના રિપોર્ટ આવવાના બાકી છે.નવા એક પણ કેસ બે દિવસમાં નોંધાયા નથી



(પ્રતિનિધિ) વડોદરા, તા.14

વડોદરા શહેરની ખ્યાતનામ એસ.એસ.જી.હોસ્પિટલમા રવિવારે શંકાસ્પદ એક્યૂટ એનકેફેલાઈટિસના લક્ષણો ધરાવતું એક બાળદર્દી પી.આઈ. સી.યુ.મા સારવાર હેઠળ છે. અત્યાર સુધીમાં 20 બાળ દર્દીઓ માંથી 12 બાળકોના મોત નિપજ્યા છે જ્યારે અન્ય બાળદર્દીઓને સારવાર બાદ રજા અપાઈ છે.

ચોમાસાની શરૂઆત દરમિયાન ગત તા.16 જૂનથી છેવાડાના વિસ્તારોમાં જેમાં પંચમહાલ દાહોદ,ગોધરા તથા મધ્યપ્રદેશ માં શંકાસ્પદ એક્યૂટ એનકેફેલાઈટિસના લક્ષણો ધરાવતા બાળ દર્દીઓ મળી આવતા ખળભળાટ મચી જવા પામ્યો હતો. મધ્ય ગુજરાતની સૌથી મોટી વડોદરાની એસ.એસ. જી. હોસ્પિટલમાં આ શંકાસ્પદ એક્યૂટ એનકેફેલાઈટિસના લક્ષણો ધરાવતા 20 બાળદર્દીઓ સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા જેમાંથી 12 બાળદર્દીઓના મોત નિપજ્યા હતા અને એક બાળદર્દી હાલમાં પી.આઈ.સી.યુ.મા સારવાર હેઠળ છે જ્યારે અન્ય 7બાળકોને સારવાર બાદ રજા અપાઈ છે. તમામ બાળદર્દીઓના રિપોર્ટ ગાંધીનગર ખાતે મોકલવામાં આવ્યા હતા જેમાં 16 રિપોર્ટ નેગેટિવ આવ્યા છે જ્યારે 4 ના રિપોર્ટ આવવાના બાકી છે.નવા એક પણ કેસ બે દિવસમાં નોંધાયા નથી.

### દાહોદ જિલ્લામાંથી બે અલગ અલગ સ્થળોએથી બે બાઈકની ચોરી

(પ્રતિનિધિ) દાહોદ, તા.14

મોટરસાઈકલ ચોરીનો પ્રથમ બનાવ લીમખેડાની ચિત્રકુમાટ સોસાયટીમાં બનવા પામ્યો હતો જેમાં લીમખેડાની ચિત્રકુટ સોસાટીમાં રહેતાં રૂષિકુમાર ભરતભાઈ ભટ્ટ દ્વારા પોતાની મોટરસાઈકલ ગત તા.૦૭મી જુલાઈના રોજ પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી ત્યારે તેઓની મોટરસાઈકલ સાત્રીના કોઈપણ સમયે અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ ગયા હતા. જ્યારરે બીજો બનાવ દાહોદ શહેરના દર્પણ રોડ ખાતે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૦૮મી જુલાઈના રોજ દાહોદ શહેરના ગોધરા રોડ ખાતે નવરંગ સોસાયટીમાં રહેતાં લિકનભાઈ વિભુભાઈ જોગરાણા (ભરવાડ) દાહોદ શહેરના દર્પણ સિનેમા રોડ ખાતે કોઈ કામ માટે આવ્યાં હતાં અને બાઈકકને લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક ચોરી કરી લઈ નાસી જતા બંને બનાવોમાં દાહોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવી છે.

કોસંબાથી કરજણ રિક્ષામાં આવવા નીકળેલી માતા પુત્રી છ દિવસથી ગુમ

# એક સપ્તાહથી બહેન અને માતાને શોધી રહેલી મોટી પુત્રી એ પોલીસને જાણ કરી

**મિયાગામ** બીટના હેડ કોન્સ્ટેબલ પ્રવિણભાઈ મગનભાઇ માતા પુત્રી ની શોધખોળ હાથ ધરી છે.

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

સુરત જિલ્લાના માંગરોળ તાલુકામાં આવેલા લીંબાડા ગામમાં આવેલા જલારામ મંદિર પાસે રહેતા હેતલબેન ખેર હાલ કોસંબા સૂર્યવંશી એપાર્ટમેન્ટમાં તેમના પરિવાર સાથે રહે છે તેમણે પોલીસને જણાવ્યું હતું કે કરજણ નજીક મિયાગામ ખાતે રહેતી તેમની માતા લીલાબેન ભરતસિંહ અટાલિયા અને 16 વર્ષ ની નાની બહેન નીતા થોડા દિવસ તેમના ઘરે રોકાઈને નવમી તારીખે ૧૦:૩૦ વાગ્યે તેમની માતા લીલાબેન અને નાની બેન નીતા રિક્ષામાં બેસીને કરજણ તાલુકાના મિયા ગામ જવા માટે નીકળ્યા હતા.પરંતુ તેઓ પાંચ છ દિવસ થયા પછી પણ ત્યાં નહીં પહોંચતા પરિવારજનોએ વ્યાપક શોધખોળ આદરી હતી છતાં કોઈ ભાળ ન મળતા આખરે કરજણ પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. નીતા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષા જાણે છે તેણે કુર્તી અને જીન્સ પેન્ટ પહેર્યું હોવાનું પોલીસને જણાવ્યું હતું. મિયાગામ બીટના હેડ કોન્સ્ટેબલ પ્રવિણભાઈ મગનભાઇ માતા પુત્રી ની શોધખોળ હાથ ધરી છે.

માતાની મોટી દીકરીએ જણાવ્યુ હતુ કે મિયાગમ ખાતે તેની બહેન અને માતા એકલા રહે છે માતા મજૂરી કામ કરે છે અને તેની નાની બહેન અવારનવાર બિમાર રહેતી હોવાથી દવા લેવાની હોવાની આવતા જતા હોય છે દરમિયાન ગુમ થતાં પોલીસ કાર્યવાહી હાથ ધરી છે.

સિગ્મા યુનિ.મા નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ

# 1500થી વધુ નવા વિદ્યાર્થીઓનું ગૌરવભેર સ્વાગત કરાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

સિગ્મા યુનિવર્સિટીએ નવા શૈક્ષણિક વર્ષનો આરંભ એક ભવ્ય પ્રી-ઓરિએન્ટેશન કાર્યક્રમ ૨૦૨૫ સાથે કર્યો. પહેલાના દિવસે એન્જિનિયરિંગ, કોમર્સ, મેનેજમેન્ટ અને કોમ્પ્યુટર એપ્લીકેશન વિભાગના ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ કેમ્પસ પર આવ્યા. કાર્યક્રમ દરમિયાન ઉત્સાહભર્યું વાતાવરણ જોવા મળ્યું જ્યારે વિવિધ પૃષ્ઠભૂમિમાંથી આવેલા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી જીવનમાં તેમનો પહેલો પગથિયો ભર્યો. વિદ્યાર્થીઓનું પરંપરાગત રીતે તિલક અને ફૂલો વડે સ્વાગત કરવામાં આવ્યું, જેમાં ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવામાં આવી. ઓરિયન્ટેશન કાર્યક્રમ વિવિધ ઔપચારિક સત્રો અને રોચક પ્રવૃત્તિઓના સંયોજન સાથે નવો આરંભ સુમેળભર્યો બને તે માટે રચાયો હતો. પ્રથમ દિવસ ઉલ્લાસ અને ઉર્જાથી ભરેલો રહ્યો જ્યાં વિદ્યાર્થીઓએ કેમ્પસની મુલાકાત લીધી, વિવિધ વિભાગો, સુવિધાઓ અને અભ્યાસ જગ્યા વિષે જાણકારી મેળવી. ડાન્સ પર્ફોર્મન્સ, આઇસ-બ્રેકિંગ સત્રો અને સિનિયર વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત રમતો જેવી પ્રવૃત્તિઓએ નવા વિદ્યાર્થીઓને પરિચિત થવામાં સહાય કરી અને તેમને નવું વાતાવરણ પોતાનું લાગે તેવો અનુભવ મળ્યો.

### સિંગવડ તાલુકાના વાઘનાળા ગામે દીપડા દ્વારા બે બકરાનું મારણ કર્યું

સીંગવડ : સિંગવડ તાલુકાના વાઘનાળા ગામે દીપડા દ્વારા બે બકરાનું મારણ કરવામાં આવ્યું સિંગવડ તાલુકાના વાઘનાળા ગામ જંગલ વિસ્તાર આવેલા હોય અને આ જંગલ વિસ્તારમાં દીપડા રહેતો હોય જ્યારે ગત રાત્રિના સમયે બે બકરીઓ રહેણાંક વિસ્તારમાં બાંધી રાખી હતી તેને દીપડા દ્વારા આવીને આ બકરીઓને મારી નાખવામાં આવી હતી જ્યારે દીપડો રહેણાંક વિસ્તારમાં બકરીને મારી નાખતા ત્યા રહેતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો જ્યારે દીપડા દ્વારા બકરી મારી નાખતા ત્યાંના લોકો દ્વારા ફોરેસ્ટ ઓફિસ ના અધિકારીને જાણ કરવામાં આવી હતી.

### ગોધરા ખાતે સિંધી સમાજનાં ઇષ્ટદેવના આરાધ્ય પર્વ ચાલિયા સાહેબનો આજથી શુભાઆરંભ

ગોધરા : સિંધી સમાજના ઇષ્ટદેવ ઝુલેલાલ ભગવાનની ભક્તિ અને સ્તુતિ માટેનો પર્વ ચાલિયા સાહેબ મંગળવાર થી શરૂ થનાર છે. જેમાં અખંડ જ્યોતિની સ્થાપન કરી વ્રતધારીએ હાથમાં કાંગની બાધીને પર્વની શરૂઆત કરવામાં આવશે જેના ભાગ લેનાર વ્રતધારીઓ ૪૦ દિવસ દિવસ નિયમિત અને કડક નિયમો નું પાલન કરી ભક્તિ, સ્તુતિ ના રંગે રંગાઈ જાય છે અને દેશ અને સમાજની પ્રગતિ સાથે નિરંતર વિકાસ, વિશ્વ શાંતિ અને જનકલ્યાણ માટે પ્રભુને પ્રાર્થના કરવામાં આવે છે. ઝુલેલાલ મંદિર પર્વની ઉજવણી ના 25 માં વર્ષમાં પ્રવેશ કરતા હોઈ ખાસ વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન પણ થનાર છે. ઝુલેલાલ મંદિરના પ્રમુખ કમલેશભાઈ શર્મા દ્વારા સમાજના તમામ લોકોને પર્વની શુભકામનાઓ પાઠવેલ છે. તથા સેવાધારી રાજુભાઈ છતાણી આરતી, ભજનકીર્તન અને દર્શનનો લાભ લેવા અનુરોધ કરેલ છે...



જંગી ફી વસુલતી એમએસયુમાં સવલતના નામે મીંડુ

# સાયન્સ ફેકલ્ટીમાં હાયર પેમેન્ટ પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓ પ્રાથમિક સુવિધાઓથી વંચિત

**એનએસયુઆઈની** ઉગ્ર વિરોધ પ્રદર્શન કરી સાયન્સ ફેકલ્ટી ડીનને રજૂઆત



(પ્રતિનિધિ) વડોદરા, તા.14

એમ.એસ.યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટી ખાતે વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈના પ્રમુખ તેજસ રોયની આગેવાની હેઠળ વિદ્યાર્થીઓએ એકત્ર થઈ સાયન્સ ફેકલ્ટીમાં ચાલતા હાયર પેમેન્ટ પ્રોગ્રામ તથા બીસીએ ક્લાસરૂમમાં એસી સહિતની પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવાની માંગ સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું તેમજ ફેકલટી ડીનને આવેદનપત્ર પાઠવી વહેલીતકે આ સુવિધાઓ ઉપલબ્ધ કરવા માંગણી કરી હતી.

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ દ્વારા વિરોધ પ્રદર્શન કરી વિદ્યાર્થીઓને પડતી હાલાકી પ્રશ્ને સાયન્સ ફેકલ્ટી ડીનને રજૂઆત કરવામાં આવી હતી. એનએસયુઆઈના વિદ્યાર્થી અગ્રણી તેજસ રોયે જણાવ્યું હતું કે, સાયન્સ ફેકલ્ટી ખાતે બીસીએ ડિપાર્ટમેન્ટમાં હાયર પેમેન્ટ પ્રોગ્રામ છે. જેમાં વિદ્યાર્થીઓ પાસેથી ખુબ મોટા પ્રમાણમાં ફી લેવામાં આવે છે, પણ તેની સામે કોઈ પણ પ્રકારની સુવિધાઓ મળતી નથી. જ્યારે અન્ય ખાનગી યુનિવર્સિટીમાં આટલી ફી સામે એસી સહિતની તમામ સુવિધાઓ પુરી પાડવામાં આવે છે, તો એમ.એસ.યુનિવર્સીટીમાં કેમ નહીં ?? સાથે સાથે બીજી બધી સુવિધાઓ જેવી કે સાફસફાઈ તેમજ ક્લાસરૂમના પંખા તેમજ લાઈટના સ્વિચ બોર્ડ પણ બરાબર કામ નથી કરી રહ્યા. જેથી વિદ્યાર્થીઓની તમામ સુવિધાઓ વહેલી તકે પુરી પાડવાં આવે અને એસીની સુવિધાઓ બીસીએ ડિપાર્ટમેન્ટ ખાતે જલ્દીમાં જલ્દી કરવામાં આવે તેવી એનએસયુ દ્વારા માંગણી સાથે સાયન્સ ફેકલ્ટીન ડીનને રજૂઆત કરવામાં આવી હતી.

### હિરેન મોદી મિત્ર મંડળ દ્વારા 500 કન્યાઓને ફરાળીનું વિતરણ કરાયું



(પ્રતિનિધિ) વડોદરા તા.14

હિરેન મોદી મિત્ર મંડળ દ્વારા પ્રતિવર્ષ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે જેમાં ખાસ આકર્ષણનું કેન્દ્ર હોય છે અને તેમાં પણ કુંવારિકા દીકરીઓ અને વ્રત કરતી બહેનો આ દિવસની ખાસ રાહ જોતી હોય છે એ જ ગૌરીવ્રત જેની રંગે ¥ચંગે ઉજવણી કરવામાં આવે છે ત્યારે આ વર્ષે પણ હિરેન મોદી મિત્ર મંડળ દ્વારા કુવારીકા દીકરીઓ અને વ્રત કરતી બહેનો માટે ખાસ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જાગરણના દિવસે સૌપ્રથમ 500 થી વધુ દીકરીઓને કુમકુમ તિલક સાથે આવકારવામાં આવી ત્યારબાદ અલુણા વ્રતના ભોજન કરાવી દીકરીઓના આશીર્વાદ મેળવ્યા હતા અને આટલું ઓછું હોય તેમ દીકરીઓ સાથે આવનાર પરિવારના તમામ સભ્યો માટે સ્વાદિષ્ટ ભોજન પણ પીરસવામાં આવ્યું હતું.


**AXIS BANK LIMITED**

**ગીરવે મૂકાયેલા સોનાના ઘરેણા માટે હરાજીની જાહેર નોટિસ**

ઋણ લેનારાઓને અને સામાન્ય રીતે જાહેર જનતાને અત્રે સૂચિત કરવામાં આવે છે કે એક્સિસ બેંક દ્વારા નીચેના ખાતાઓમાં ગીરવે મૂકવામાં આવેલા સોનાના દાગીનાની જાહેર હરાજી નીચે દર્શાવેલ શાખામાં હાથ ધરવાની દરખાસ્ત કરવામાં આવી છે. નીચે દર્શાવેલ ઉધાર લેનારાઓએ એક્સિસ બેંક લિમિટેડ પાસેથી સિક્યોરિટી માટે બેંકની તરફેણમાં સોનાના દાગીના ('ગોલ્ડ લોન ફેસિલિટી') ગીરવે મૂકીને ક્રેડિટ સુવિધાનો લાભ લીધો છે. લોન લેનારાઓ/ગારન્ટર્સને ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી હતી અને લોન લેનારાઓ/ગારન્ટર્સને ગોલ્ડ લોનની સુવિધા માટે તેમની બાકી રકમ ચૂકવવા કહેવાયું હતું. ઋણ લેનારા/ગારન્ટર્સ બાકી લોનની રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી બેંકે અહીં પ્રોપર્ટીના શેડ્યૂલમાં વધુ ખાસ રીતે વર્ણવેલ ગીરવે મૂકેલા સોનાના દાગીનાના ઈ-ઓક્શન વેચાણ કરવાની દરખાસ્ત કરી છે જે 25-07-2025ના રોજ. બપોરે 12.30થી બપોરે 3.30 વાગ્યા સુધી 'એઝ ઈન વ્હેર ઈઝ', 'એઝ ઈઝ વ્હોટ ઈઝ', 'વોટેવર ધેઅર ઈઝ' અને 'નો રિકોર્સ બેસીસ' પર કરાશે.

**ઋણ લેનારાઓ અને બાકી નીકળતી રકમની વિગતો:**

| ગ્રાહકનું નામ | લોન એકાઉન્ટ નંબર | બાકી નીકળતી રકમ (રૂ.) | રિકોલ નોટિસની તારીખ | કુલ વજન | શુદ્ધ વજન |
|---|---|---|---|---|---|
| શાખાનું નામ: અલીપુરા, બોડેલી વડ [GJ] | | | | | |
| રાઠવા અરવિનભાઈ | XXXXXXXXXXX3195 | 51128 | 27-09-2024 | 10.500 | 10.200 |
| શાખાનું નામ: દાહોદ [જીજે] | | | | | |
| નિનામા શકુંતલાબેન વિપુલકુમાર | XXXXXXXXXXX6756 | 338108 | 16-06-2025 | 65.560 | 61.060 |
| અજયભાઈ વાસણાભાઈ સંગાડા | XXXXXXXXXXX8587 | 87432 | 06-09-2024 | 20.230 | 19.930 |
| વિષ્ણુભાઈ ગણજીભાઈ ભાભોર | XXXXXXXXXXX5982 | 87403 | 16-06-2025 | 17.500 | 17.200 |
| પટેલ પ્રિયંકાબેન હરેશકુમાર | XXXXXXXXXXX1274 | 76877 | 16-06-2025 | 13.550 | 13.050 |
| શાખાનું નામ: દેવગઢ બારિયા [GJ] | | | | | |
| બલવાણી મહેશકુમાર હોતચંદ | XXXXXXXXXXX6860 | 2075900 | 30-03-2025 | 540.700 | 534.000 |
| બારીયા અનિકેત નેહરુભાઈ | XXXXXXXXXXX6533 | 1126300 | 11-12-2024 | 235.710 | 219.000 |
| શ્રીમાળી હિમાનીબેન તરુણકુમાર | XXXXXXXXXXX2159 | 37047 | 08-04-2025 | 50.400 | 48.400 |
| પટેલ જુવાનસિંહ ડીર્પ્સીંગ | XXXXXXXXXXX7041 | 86451 | 16-06-2025 | 17.980 | 17.300 |
| પટેલ વિપુલભાઈ બુધાભાઈ | XXXXXXXXXXX5995 | 82296 | 16-06-2025 | 15.700 | 15.500 |
| સંગીતાબેન ધર્મેન્દ્રસિંહ બારીયા | XXXXXXXXXXX3836 | 81760 | 07-09-2024 | 20.400 | 19.100 |
| પટેલ શારદાબેન | XXXXXXXXXXX9098 | 79777 | 16-06-2025 | 15.570 | 15.000 |
| પરમાર અશોકકુમાર નરવતભાઈ | XXXXXXXXXXX0927 | 73279 | 16-06-2025 | 19.190 | 19.000 |
| પટેલ રેખાબેન જસવંતસિંહ | XXXXXXXXXXX7871 | 54928 | 05-06-2025 | 11.800 | 11.500 |
| શાખાનું નામ: ગોધરા [GJ] | | | | | |
| ઈસરાની ભરતકુમાર કિસનચંદ | XXXXXXXXXXX6187 | 1212037 | 16-06-2025 | 265.600 | 249.100 |
| ત્રિવેદી નૈમિષકુમાર વિપુલકુમાર | XXXXXXXXXXX9095 | 132310 | 30-01-2025 | 29.600 | 28.600 |
| પગી ઉષાબેન | XXXXXXXXXXX9091 | 72519 | 03-04-2025 | 15.800 | 15.400 |
| શાખાનું નામ: કલાદર્શન ચાર રસ્તા [GJ] | | | | | |
| પ્રણામી દીપિકા રમેશચંદ્રા | XXXXXXXXXXX1541 | 1501000 | 14-01-2025 | 317.100 | 296.500 |
| પટેલ સિદ્ધાર્થકુમાર અશોકભાઈ | XXXXXXXXXXX5083 | 840123 | 12-01-2025 | 329.000 | 310.200 |
| મુકેશ વસાવા | XXXXXXXXXXX1649 | 703000 | 12-01-2025 | 155.000 | 144.200 |
| પટેલ અનિલભાઈ | XXXXXXXXXXX2336 | 315000 | 12-01-2025 | 77.300 | 75.300 |
| પટેલ કેયુરી ભગુભાઈ | XXXXXXXXXXX1378 | 107000 | 12-01-2025 | 24.200 | 23.200 |
| વણઝારા હેમાંગ ઇન્દ્રવદનભાઈ | XXXXXXXXXXX0935 | 69368 | 16-06-2025 | 11.900 | 11.500 |
| શાખાનું નામ: માનેજા વડ [GJ] | | | | | |
| પરમાર શૈલેષભાઈ | XXXXXXXXXXX8697 | 18248 | 20-07-2024 | 12.500 | 11.700 |
| શાખાનું નામ: નિઝામપુરા, વડોદરા [GJ] | | | | | |
| મહર્ષિ સજ્જનસી દેસાઈ | XXXXXXXXXXX1796 | 318038 | 16-06-2025 | 66.900 | 60.700 |
| વાલા અંકિતકુમાર | XXXXXXXXXXX4397 | 69437 | 16-06-2025 | 11.700 | 11.500 |
| શાખાનું નામ: રાજપીપલા [GJ] | | | | | |
| વાસાવા રાજેશભાઈ | XXXXXXXXXXX6511 | 43519 | 07-06-2024 | 12.700 | 12.300 |
| શાખાનું નામ: સાવલી [GJ] | | | | | |
| રાઉલજી વિક્રમસિંહ | XXXXXXXXXXX2454 | 401400 | 14-01-2025 | 78.000 | 76.500 |
| શાખાનું નામ: વડોદરા [GJ] | | | | | |
| પ્રિયદર્શી નટવરલાલ જોશી | XXXXXXXXXXX0816 | 1600400 | 12-01-2025 | 367.500 | 327.100 |
| નાઈ સુરેશભાઈ | XXXXXXXXXXX4408 | 501660 | 05-06-2025 | 98.700 | 95.450 |
| નાઈ સુરેશભાઈ | XXXXXXXXXXX6637 | 362752 | 05-06-2025 | 86.900 | 72.200 |
| નાઈ સુરેશભાઈ | XXXXXXXXXXX6786 | 344117 | 05-06-2025 | 69.500 | 66.800 |
| નાઈ સુરેશભાઈ | XXXXXXXXXXX5333 | 225748 | 05-06-2025 | 46.500 | 44.800 |
| સાગર પોખરેલ | XXXXXXXXXXX5979 | 53584 | 07-09-2024 | 21.300 | 14.000 |
| શાખાનું નામ: વાસના રોડ [GJ] | | | | | |
| પટેલ મહેશકુમાર હસમુખલાલ | XXXXXXXXXXX8715 | 468000 | 12-01-2025 | 98.330 | 94.530 |

એક્સિસ બેંક લિમિટેડ પાસે કોઈપણ પૂર્વ સૂચના વિના ખાતું દૂર કરવાની/હરાજીની તારીખ બદલવાની સત્તા છે. હરાજી બપોરે ૧૨.૩૦ થી ૩.૩૦ વાગ્યા સુધી ઓનલાઇન https://egold.auctiontiger.net પર યોજાશે.

વધુ વિગતવાર નિયમો અને શરતો માટે કૃપા કરીને આપેલ વેબસાઇટ https://egold.auctiontiger.net પર લોગ ઇન કરો

**સ્થળ: ગુજરાત** **અધિકૃત અધિકારી - એક્સિસ બેંક લિમિટેડ.**


ઝાલોદ તાલુકાના છાયણ ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અંતર્ગત

# ધરતી આબા જન જાતીય ગ્રામ ઉત્કર્ષ યોજના હેઠળ લાભાર્થીઓને કીટ વિતરણ

(પ્રતિનિધિ) ઝાલોદ, તા.14

ધરતી આબા જન જાતીય ગ્રામ ઉત્કર્ષ યોજના હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં આઈ.સી.ડી.એસ. વિભાગની વિવિધ યોજનાઓ વિશે, તેમજ આંગણવાડીમાંથી આપવામાં આવતા THR ની વિવિધ વાનગીઓ નું નિદર્શન કરી લાભાર્થીઓને તેના ઉપયોગ વિશે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમ ઝાલોદ તાલુકાના છાયણ મુખ્ય પ્રાથમિક શાળા ખાતે કાર્યક્રમ યોજાયો હતો.

"ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન" અંતર્ગત ઝાલોદ તાલુકાના છાયણ મુખ્ય પ્રાથમિક શાળા ખાતે સરકારશ્રીના વિવિધ વિભાગો થકી મૂળ લાભાર્થીઓને લાભ મળી રહે તે હેતુસર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ કાર્યક્રમના કલસ્ટરમા સમાવિષ્ટ આઈ.સી.ડી.એસ. વિભાગ, આઈ.સી. ડી.એસ આધાર કીટ, ખેતીવાડી વિભાગ, આધારકાર્ડ, પશુપાલન, આવક પ્રમાણપત્ર, જન્મ મરણ પ્રમાણપત્ર, બી.પી.એલ. દાખલા, આકારણી, રહેઠાણ અંગેના દાખલા, ઓળખાણ અંગેના દાખલા, પુનઃ લગ્ન ન હોય તે અંગેના દાખલા સહિત ૧૫ જેટલા વિભાગોમાં લાભાર્થીઓને લાભ મળી રહે તે હેતુથી સમાવિષ્ઠ ગામો ચાકલીયા, મોટી મહુડી,જુના ચાકલીયા, ટીમ્બી,બોરસદ,દાતગઢ, ધોળા ખાખરા, ચાટકા, કચલધરા, છાયણ, સાબલી, કાકરાકુવા, કોટડા, તેતરીયા, પેથાપુર, વખતપુરા, બલેન્ડીયા, પીપલેટ, ગુલતોરા, ગુલતોરા ઉત્તર,ગુલતોરા પશ્ચિમ, શારદા, ટાઢાગોળા, દાંતીયા ગામોના લોકોએ ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન કાર્યક્રમ યોજાયો હતો. આંગણવાડીના ભૂલકાઓ દ્વારા

કાલોલના અંબાલા સ્થિત નર્મદા કેનાલ પાસે હત્યાની ઘટના

# પત્નીનું ગળું દબાવી મોતને ઘાટ ઉતારી દેનાર પતિને આજીવન કારાવાસની સજા

(પ્રતિનિધિ) કાલોલ, તા.14

કાલોલ પોલીસ સ્ટેશન હદ વિસ્તારના અંબાલા ગામની સીમમાં આવેલ નર્મદા મુખ્ય કેનાલની સાઈડમાં આવેલા ઝાડી ઝાંખરામાંથી ગત ૨૭/૦૧/૨૦૨૨ના રોજ બિનવારસી અને સડી ગયેલ હાલતમાં એક યુવતીની લાશ મળી આવી હતી. જે મૃતક યુવતીના લાશની પોલીસે કરેલી જાહેરાતને આધારે તે લાશ ડેસર તાલુકાના અંદરખીયા ગામની દક્ષાબેન રમણભાઈ ચૌહાણ (ઉ.વ ૩૫)ની હોવાનું સ્પષ્ટ થતાં મૃતક યુવતીના ભાઈ મનહરભાઈ રમણભાઈ ચૌહાણે કાલોલ પોલીસ સ્ટેશનમાં દાખલ કરેલી ફરિયાદને આધારે દક્ષા ચૌહાણ તા.૨૨/૧ના રોજ અંદરખીયાથી નિકળીને તેના મોટી બેન પાસે વડોદરા આવી હતી અને બીજા દિવસે ૨૩/૦૧ના રોજ તે પોતે અંદરખીયા જવા માટે બસમાં બેસીને નિકળી હતી પરંતુ તે વડોદરાથી નીકળ્યાના પાંચ દિવસ પછી અંબાલા સ્થિત નર્મદા કેનાલ પાસેથી તેની લાશ મળી આવે છે જે સમગ્ર ઘટના અંગે કાલોલ પોલીસે આરોપી સંજય પરમાર વિરુદ્ધ દાખલ કરેલી ફરિયાદને આધારે પોલીસ પંચક્યાસ અને ચાર્જશીટ મુજબ હાલોલ સ્થિત એડીશનલ સેશન્સની ત્રીજી કોર્ટમાં કેસ ચાલી જતાં પાછલા ત્રણ વર્ષ સુધી ચાલેલી સુનાવણીમાં પોલીસ તપાસ, પોલીસ ચાર્જશીટ, ઉલટ તપાસ અને સરકારી વકીલની દલીલોને આધારે ત્રીજા એડીશનલ સેસન્સ જજ બી.ડી પરમારે ૧૧/૦૭/૨૫ના રોજ કરેલ હુકમની સુનાવણીમાં આરોપી સંજય પરમાર અને મૃતક દક્ષા બન્ને પતિ-પત્ની છે ત્યારે તે અપેક્ષીત છે કે આરોપી પતિએ તા.૨૩/૦૧/૨૦૨૨ના રોજ કાલોલ પંથકમાં નર્મદા કેનાલ પાસેની ઝાડી ઝાંખરામાં શરીર સંબંધ બાંધ્યા બાદ મરણ જનાર પત્ની સાથે કેવી રીતે છુટા પડયા તે બાબતે સંપૂર્ણ મૌન રહેવુ તે તમામ સંજોગો પુરવાર કરે છે કે આરોપીને મરણ જનારના તેની પત્નીના મૃત્યુ બાબતે નીશંક જ્ઞાન છે અને તેવું જ્ઞાન જાહેર કરતા નથી ત્યારે તે સંજોગો માનવા ફરજ પાડે છે કે આરોપીએ જ મરણ જનારનું મોત નીપજાવેલ છે અને તેમ કરી ઈ.પી. કો. કલમ ૩૦૨ મુજબ શીક્ષાપાત્ર ગુનો કરેલ હોય આરોપી પતિ સંજયભાઈ ઉર્ફે ચીચીયો નરવતભાઈ પરમાર (ઉ.વ ૩૨, ધંધો મજુરી, હાલ રહે. કાંકણપુર, તળપદ ફળીયુ, તા.ગોધરા અને મૂળ રહે. સાંગોલ, તા.ગળતેસ્વર, જી.ખેડા)ને આજીવન કારાવાસની સજા અને રૂ.૨૫ હજારનો દંડ ફટકારતી સજા ફટકારી હતી.